# 2023 વર્લ્ડકપ ફાઈનલમાં હાર બાદ મેં સંન્યાસ લેવાનો વિચાર કર્યો હતો: રોહિત શર્મા

**હું** સંપૂર્ણપણે હતાશ થઈ ગયો હતો, મને લાગ્યું કે આ રમતે મારી પાસેથી બધું છીનવી લીધું હતું

**રોહિતે** હારની હતાશાથી લઈને T20 વર્લ્ડકપ જીતવા સુધીની તેની મનોસ્થિતિ વિશે વાત કરી



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ): ભારતના પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ એક ચોંકાવનાર ખુલાસો કરતા કહ્યું કે 2023માં રમાયેલી વનડે વર્લ્ડકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે મળેલી દિલ તોડનાર પરાજય બાદ તેણે ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો વિચાર કર્યો હતો.

રોહિતની કેપ્ટનશીપ હેઠળ ભારતે ઘરઆંગણે રમાયેલા આ વનડે વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, સતત નવ મેચ જીતીને ફાઈનલમાં પહોંચ્યું હતું, પરંતુ આ મહત્વપૂર્ણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

'વર્લ્ડકપ 2023ની ફાઈનલ પછી, હું સંપૂર્ણપણે હતાશ થઈ ગયો હતો. મને લાગ્યું કે હું હવે આ રમત રમવા માગતો નથી કારણ કે તેણે મારી પાસેથી બધું છીનવી લીધું હતું', એમ રોહિતે માસ્ટર્સ યુનિયન ઈવેન્ટ દરમિયાન કહ્યું.

તેણે કહ્યું, 'મને તેમાંથી બહાર આવવામાં થોડો સમય લાગ્યો. હું મારી જાતને યાદ કરાવતો રહ્યો કે આ જ વસ્તુ છે જે મને ખરેખર ગમે છે. આ જ મારી પાસે છે, અને હું તેને આટલી સરળતાથી છોડી શકતો નથી. ધીમે ધીમે, હું સ્વસ્થ થયો. મેં મારી ખોવાયેલી ઉર્જા પાછી મેળવી અને મેદાન પર પાછો ફર્યો.'

રોહિતે કહ્યું, 'તે હારથી બધા નિરાશ થયા હતા, અને અમે જે બન્યું તેના પર વિશ્વાસ કરી શકતા ન હતા. મેં તે વર્લ્ડ કપમાં બધું જ લગાવી દીધું હતું. હું 2022માં કેપ્ટનશીપ સંભાળી ત્યારથી તેની તૈયારી કરી રહ્યો હતો.' રોહિત હાલમાં 50-ઓવરના ફોર્મેટમાં રમે છે અને 2027 વનડે વર્લ્ડકપ સુધી ટીમ સાથે રહેવાનું લક્ષ્ય રાખે છે.

'મને ખબર હતી કે 2024માં અમેરિકા અને વેસ્ટઈન્ડિઝમાં T20 વર્લ્ડકપ છે, અને હવે મારે મારું બધું ધ્યાન તેના પર કેન્દ્રિત કરવું જોઈએ. અત્યારે આ કહેવું સહેલું છે, પરંતુ તે સમયે તે અતિ મુશ્કેલ હતું.', એમ તેણે કહ્યું. ઉલ્લેખનીય છે કે 2024માં રમાયેલા ટી-20 વર્લ્ડકપમાં ભારત રોહિતના નેતૃત્વમાં ચેમ્પિયન બન્યું હતું.

# ન્યૂઝીલેન્ડની વેસ્ટઈન્ડિઝ પર વિશાળ માર્જિનથી જીત, ડફીની 5 વિકેટ

**વેસ્ટઈન્ડિઝ** સામે 462 રનનો પડકારજનક લક્ષ્યાંક હતો

**જેકબ** ડફીના પંજાની મદદથી ન્યૂઝીલેન્ડે વેસ્ટઈન્ડિઝને 138 રનમાં ઓલઆઉટ કર્યું



### ન્યૂઝીલેન્ડ માટે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ વિકેટ

| ખેલાડી | વિકેટ | વર્ષ |
|---|---|---|
| જેકબ ડફી | 80* | 2025 |
| રિચર્ડ હેડલી | 79 | 1985 |
| ડેનિયલ વિટ્ટોરી | 76 | 2008 |
| ટ્રેન્ટ બોલ્ટ | 72 | 2015 |

**ડફીએ હેડલીનો રેકોર્ડ તોડ્યો**

ડફીએ રિચાર્ડ હેડલીના એક કેલેન્ડર વર્ષમાં 80 વિકેટના ન્યૂઝીલેન્ડના રેકોર્ડને તોડી નાખ્યો. તેણે શ્રેણીમાં 15.4ની સરેરાશથી 23 વિકેટ લીધી, અને ત્રણ વખત એક ઇનિંગમાં પાંચ કે તેથી વધુ વિકેટ પણ લીધી.

માઉન્ટ મોનગનુઈ (ન્યૂઝીલેન્ડ), તા. 22 (એપી): ફાસ્ટ બોલર જેકબ ડફીએ 42 રન આપીને પાંચ વિકેટ ઝડપી, જેની મદદથી ન્યૂઝીલેન્ડે સોમવારે ત્રીજી અને અંતિમ ટેસ્ટના પાંચમા અને અંતિમ દિવસે વેસ્ટઈન્ડિઝ સામે 323 રનનો વિશાળ વિજય મેળવ્યો. આ સાથે જ તેણે ત્રણ મેચની સિરીઝ 2-0થી જીતી લીધી.

વેસ્ટઈન્ડિઝ સામે 462 રનનો પડકારજનક લક્ષ્યાંક હતો. સવારે તેમણે વગર કોઈ નુકસાને 43 રનથી આગળ પોતાનો બીજો દાવ શરૂ કર્યો, પરંતુ ટીમ 138 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ફક્ત ચાર બેટ્સમેન બે આંકડા સુધી પહોંચ્યા, જેમાં બ્રાન્ડન કિંગ 67 રન સાથે સૌથી વધુ સ્કોર કરનાર ખેલાડી હતો.

ન્યૂઝીલેન્ડ તરફથી અયાઝ પટેલે ડફી સાથે 23 રન આપીને ત્રણ વિકેટ લીધી. ગ્લેન ફિલિપ્સ અને રચિન રવિન્દ્રએ એક-એક વિકેટ લીધી.

ન્યૂઝીલેન્ડે પોતાનો પહેલો દાવ આઠ વિકેટે 575 રન પર ડિકલેર કર્યો, જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે 420 રન બનાવ્યા. ત્યારબાદ ન્યૂઝીલેન્ડે પોતાનો બીજો દાવ બે વિકેટે 306 રન પર ડિકલેર કર્યો. કેપ્ટન ટોમ લેથમ અને ડેવોન કોનવેએ બંને દાવમાં સદી ફટકારી.

ડફીને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો.

બંને ટીમો વચ્ચેની પહેલી ટેસ્ટ ડ્રો રહી હતી, જ્યારે ન્યૂઝીલેન્ડે બીજી ટેસ્ટ નવ વિકેટથી જીતી હતી.





# ગિલ, અભિષેક અને અર્શદીપને પંજાબની ટીમમાં સામેલ કરાયા

**બીસીસીઆઈના** રાષ્ટ્રીય વનડે ચેમ્પિયનશિપમાં ફરજિયાત ભાગીદારીના નિર્દેશ મુજબ આ ત્રણેયને વિજય હજારે ટ્રોફી માટે ટીમમાં સામેલ કરાયા

ચંદીગઢ, તા. 22 (પીટીઆઈ): ભારતીય ટેસ્ટ અને વનડે ટીમનો કેપ્ટન શુભમન ગિલ, વિશ્વમાં ટી-20નો પ્રથમ ક્રમનો બેટ્સમેન અભિષેક શર્મા અને ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને 50 ઓવરના ફોર્મેટમાં રમાનારી વિજય હજારે ટ્રોફી માટે પંજાબની ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

આ પસંદગી બીસીસીઆઈના રાષ્ટ્રીય વનડે ચેમ્પિયનશિપમાં ફરજિયાત ભાગીદારીના નિર્દેશને અનુસાર છે.

અર્શદીપને જો ન્યૂઝીલેન્ડ સામેની 11 જાન્યુઆરીથી શરૂ થનારી વનડે સિરીઝની ટીમમાં સામેલ કરવામાં આવે છે તો તે અને ગિલ વિજય હજારે ટ્રોફીની શરૂઆતની બે-ત્રણ મેચ માટે જ ઉપલબ્ધ રહેશે. અભિષેક થોડીક વધુ મેચોમાં ટીમનું પ્રતિનિધિત્વ કરી શકે છે.

પંજાબને ગ્રુપ સીમાં ફેવરિટ મુંબઈ સાથે મૂકવામાં આવ્યું છે. ટીમ શરૂઆતની બે મેચમાં મહારાષ્ટ્ર (24 ડિસેમ્બર) અને છત્તીસગઢ (26 ડિસેમ્બર) સામે ટકરાશે. મુંબઈ-પંજાબ મુકાબલો 8 જાન્યુઆરીએ યોજાવાનો છે, જ્યારે મુંબઈનો રોહિત શર્મા અને પંજાબનો ગિલ બંને ઉપલબ્ધ રહેશે નહીં.

# કૂપર કોનોલી પંજાબ કિંગ્સ માટે કોઈ પણ ક્રમ પર બેટિંગ કરવા તૈયાર



**ઓસ્ટ્રેલિયાનો** ઓલરાઉન્ડર કોનોલીની આ પ્રથમ આઈપીએલ છે, કેપ્ટન શ્રેયસ ઐયર તેનો ઉપયોગ ફિનિશર તરીકે કરી શકે છે

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): પંજાબ કિંગ્સ ટીમમાં જોડાયેલા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કૂપર કોનોલીએ કહ્યું કે તે આગામી વર્ષે યોજાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગમાં (IPL) બેટિંગ ક્રમમાં કોઈપણ સ્થાન પર રમવા માટે તૈયાર છે.

આક્રમક બેટ્સમેન, ચપળ ફિલ્ડર અને ડાબોડી સ્પિન બોલર, કોનોલીને આ મહિનાની શરૂઆતમાં મિની ઓક્શનમાં પંજાબ કિંગ્સ દ્વારા રૂ. 3 કરોડમાં ખરીદવામાં આવ્યો હતો.

'મને મારી રમતને એવી રીતે અનુકૂલિત કરવી ગમે છે કે જેનાથી હું કોઈપણ સ્થાન પર મારી વૈવિધ્ય પ્રતિભાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકું. તેથી પછી ભલે તે ત્રીજા નંબર પર બેટિંગ હોય કે મધ્યમ ક્રમમાં રમવાનું, હું કોઈપણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છું', એમ કોનોલીએ સોમવારે વર્ચ્યુઅલ મીડિયા વાતચીતમાં કહ્યું.

22 વર્ષીય ખેલાડી બિગ બેશ લીગમાં ઉત્તમ ફોર્મમાં છે, તેણે પર્થ સ્કોર્ચર્સ માટે ત્રીજા નંબર પર બેટિંગ કરતી વખતે બે અડધી સદી ફટકારી છે.

જોકે, પંજાબ કિંગ્સ તેનો ઉપયોગ ફિનિશર તરીકે કરી શકે છે, આ વાતનો સંકેત કેપ્ટન શ્રેયસ ઐયરે હરાજી પછી આપ્યો હતો.

'મને હું પર્થ સ્કોર્ચર્સ માટે ત્રીજા નંબરે બેટિંગ કરવામાં આનંદ અનુભવી રહ્યો છું. પરંતુ જો IPLમાં મારી ભૂમિકા અલગ હોય, તો તે મને સમજ પડે છે કારણ કે આ એક વિશ્વસ્તરીય ટીમ છે', એમ કોનોલીએ કહ્યું. કોનોલીને ઓસ્ટ્રેલિયન ક્રિકેટની યુવા પ્રતિભાઓમાં ગણવામાં આવે છે. તેણે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટી-20 અને વનડેમાં ડેબ્યુ કર્યું હતું.

# શ્રીલંકા પર વધુ એક મોટી જીત નોંધાવવાના ઈરાદે ઉતરશે ભારતીય મહિલા ટીમ

**બીજી** ટી-20માં ભારતીય મહિલા ટીમ ફિલ્ડીંગ સુધારવા માગશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોસ્ટાર પર સાંજે 7.00 વાગ્યાથી



વિશાખાપટ્ટનમ, તા. 22 (પીટીઆઈ): પહેલી મેચમાં મોટી જીતથી ઉત્સાહિત, ભારતીય મહિલા ક્રિકેટ ટીમ મંગળવારે અહીં યોજાનારી બીજી મહિલા T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે ત્યારે ફિલ્ડિંગમાં સુધારો કરીને તેની જીતનો સિલસિલો ચાલુ રાખવાનો પ્રયાસ કરશે.

ગયા મહિને વર્લ્ડકપ જીત્યા પછી, ભારતીય ટીમે બેટિંગ અને બોલિંગ બંને વિભાગમાં સારું પ્રદર્શન કર્યું અને શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું. ભારતીય ટીમે શ્રીલંકાને ફક્ત 6 વિકેટે 121 રનમાં રોક્યું હતું પરંતુ તે દરમિયાન, તેની ફિલ્ડિંગ સારી રહી ન હતી અને તેણે કેટલાક કેચ છોડ્યા.

મેચ પછી કેપ્ટન હરમનપ્રીત કૌરે કહ્યું, 'અમે અમારી ફિલ્ડિંગ પર કામ કરી રહ્યા છીએ. મને ખબર નથી કે અમે આટલા કેચ કેમ છોડી રહ્યા છીએ. મેદાન ભીનું હતું, પરંતુ તે કોઈ બહાનું નથી. આ એવી બાબત છે જેના પર આપણે ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. અમે આગામી મેચમાં વધુ સારી રણનીતિ સાથે આવીશું.'


વર્લ્ડકપ જીત્યા બાદ, ભારતીય ટીમે 6 અઠવાડિયાનો વિરામ લીધો. ત્યારબાદ, ભારતીય ટીમે બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે એક અઠવાડિયાના કેમ્પમાં ભાગ લીધો.

કાગળ પર પણ, ભારતીય ટીમ મજબૂત દેખાય છે. તેની બેટિંગ અને બોલિંગ બંને ખૂબ જ મજબૂત છે. ફોર્મમાં રહેલી જેમીમા રોડ્રિગ્સે વર્લ્ડકપથી તેનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું છે. ભારત માટે સૌથી મોટી સકારાત્મક બાબત 20 વર્ષીય ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માને સામેલ કરવાની હતી, જેને હાલની મહિલા પ્રીમિયર લીગ (WPL) હરાજીમાં અવગણવામાં આવી હતી.

આ સિરીઝ શેફાલી વર્મા માટે મહત્વપૂર્ણ છે, જે તેની બેટિંગ શૈલીને અનુરૂપ ફોર્મેટમાં સતત સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે.

# EPL: એસ્ટન વિલાએ માન્ચેસ્ટર યુનાઈટેડને 2-1થી હરાવ્યું

**એસ્ટનની** આ સતત 10મી જીત, રોજર્સે બે ગોલ કર્યા



માન્ચેસ્ટર (ઈંગ્લેન્ડ), તા. 22 (એપી): મોર્ગન રોજર્સે શાનદાર બે ગોલ કર્યા હતા જેની મદદથી એસ્ટન વિલાએ માન્ચેસ્ટર યુનાઈટેડને 2-1થી હરાવ્યું હતું. આ જીત સાથે એસ્ટન વિલા ઈંગ્લિશ પ્રીમિયર લીગ (EPL) ટાઈટલની દોડમાં જળવાઈ રહ્યું છે.

આ એસ્ટન વિલાનો તમામ સ્પર્ધાઓમાં સતત દસમો વિજય હતો. તે EPL સ્ટેન્ડિંગમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે, જે ટોચ પર સ્થિત આર્સેનલથી માત્ર ત્રણ પોઈન્ટ પાછળ છે.

રોજર્સે 45મી મિનિટે પોતાનો પહેલો અને 57મી મિનિટે પોતાનો બીજો ગોલ કર્યો. મેથ્યુસ કુન્હાએ યુનાઈટેડનો એકમાત્ર ગોલ કર્યો. આ રીતે એસ્ટન વિલાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રહ્યું, જેણે તેની છેલ્લી 12 લીગ મેચોમાંથી 11 જીતી છે.

આ હાર યુનાઈટેડ માટે બીજો આંચકો છે, જેણે તેની છેલ્લી આઠ મેચોમાંથી ફક્ત બે જીતી છે અને ટેબલમાં સાતમા સ્થાને છે.

# પાકિસ્તાની અંડર-19 ટીમના ખેલાડીઓને રૂ. 1 કરોડ ઈનામ

**એશિયા** કપ જીતવા બદલ વડા પ્રધાન શાહબાઝ શરીફે આ પુરસ્કારની જાહેરાત કરી




કરાચી, તા. 22 (પીટીઆઈ): પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સોમવારે તેમના દેશની અંડર-19 એશિયા કપ વિજેતા ટીમના દરેક ખેલાડી માટે રૂ. 1 કરોડના (પાકિસ્તાની રૂપિયા) ખાસ રોકડ પુરસ્કારની જાહેરાત કરી.

પાકિસ્તાનની યુવા ટીમે રવિવારે દુબઈમાં રમાયેલી ફાઇનલમાં ભારતને 191 રનથી હરાવીને ટાઇટલ જીત્યું.

શરીફે ઇસ્લામાબાદમાં ટીમ અને તેના સપોર્ટ સ્ટાફ માટે આયોજિત રિસેપ્શનમાં આ જાહેરાત કરી. ટીમના માર્ગદર્શક અને મેનેજર સરફરાઝ અહેમદે રિસેપ્શન પછી મીડિયાને જણાવ્યું કે વડા પ્રધાને દરેક ખેલાડી માટે રૂ. 1 કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. અગાઉ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના (PCB) અધ્યક્ષ મોહસીન નકવીએ એશિયા કપ જીતનારી જુનિયર ટીમના ખેલાડીઓ માટે 5 લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### ભારત સાથેના સંઘર્ષમાં...

ઉલ્લેખ કર્યો હતો અને ઈસ્લામિક વિશ્વમાં પાકિસ્તાનના વિશેષ દરજ્જા તરીકે જે વર્ણવ્યું હતું તેના પર ભાર મૂક્યો હતો. વ્યાપક મુસ્લિમ વિશ્વનો ઉલ્લેખ કરતા, મુનીરે કહ્યું કે વૈશ્વિક સ્તરે 57 ઈસ્લામિક દેશો છે, પરંતુ તેમણે દાવો કર્યો કે પાકિસ્તાનને ખુદા દ્વારા એક અનોખું સન્માન આપવામાં આવ્યું છે. તેમાંથી, અલ્લાહ અમને હરામૈન શરીફૈનના એટલે કે મક્કા અને મદીનાની રક્ષક બનવાનું સન્માન આપ્યું છે.

### કાર હેઠળ સંતાડેલો...

વ્લાદિમીર પુતિનને સર્વારોવની હત્યા વિશે તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે સર્વારોવ અગાઉ ચેચન્યામાં લડી ચૂક્યો હતો અને સીરિયામાં મોસ્કોના લશ્કરી અભિયાનમાં ભાગ લીધો હતો. એક વર્ષ પહેલાં, 17 ડિસેમ્બર, 2024 ના રોજ, લશ્કરના પરમાણુ, જૈવિક અને રાસાયણિક સંરક્ષણ દળોના વડા લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરીલોવનું તેમના એપાર્ટમેન્ટ બિલ્ડિંગની બહાર ઈલેક્ટ્રિક સ્કૂટરમાં છુપાયેલા બોમ્બથી મૃત્યુ થયું હતું. કિરીલોવના સહાયકનું પણ મૃત્યુ થયું હતું. યુક્રેનની સુરક્ષા સેવાએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ત્યાર યુક્રેનિયન સુરક્ષા સેવા વતી એક ઉઝબેક વ્યક્તિની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર કિરીલોવની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કિરીલોવની હત્યાને રશિયાની સુરક્ષા એજન્સીઓની મોટી ભૂલ ગણાવી હતી, અને નોંધ્યું હતું કે તેઓએ તેમાંથી શીખવું જોઈએ અને તેમની કાર્યક્ષમતામાં સુધારો કરવો જોઈએ. પરંતુ એપ્રિલમાં, અન્ય એક વરિષ્ઠ રશિયન લશ્કરી અધિકારી, જનરલ સ્ટાફમાં મુખ્ય ઓપરેશનલ વિભાગના ડેપ્યુટી હેડ, લેફ્ટનન્ટ જનરલ યારોસ્લાવ મોસ્કાલિક, મોસ્કોની બહાર તેમના એપાર્ટમેન્ટ બિલ્ડિંગની નજીક પાર્ક કરેલી તેમની કારમાં મૂકવામાં આવેલા વિસ્ફોટક ઉપકરણ દ્વારા માર્યા ગયા હતા. એક શંકાસ્પદ ગુનેગારની ઝડપથી ધરપકડ કરવામાં આવી હતી. મોસ્કોએ રશિયામાં અનેક બોમ્બ ધડાકા અને અન્ય હુમલાઓ માટે યુક્રેનને પણ દોષી ઠેરવ્યું છે.

### ભારત-ન્યુઝીલેન્ડ...

વિઝાના ક્વોટા અને ત્રણ વર્ષ સુધીના રોકાણ સાથે કામચલાઉ રોજગાર પ્રવેશ વિઝા આપશે. આ માર્ગ ભારતીય વ્યવસાયો જેમ કે આયુષ પ્રેક્ટિશનરો, યોગ પ્રશિક્ષકો, ભારતીય રસોઈયા અને સંગીત શિક્ષકો, તેમજ IT, એન્જિનિયરિંગ, આરોગ્યસંભાળ, શિક્ષણ અને બાંધકામ જેવા ઉચ્ચ માંગવાળા ક્ષેત્રોને આવરી લે છે, જે કાર્યબળ ગતિશીલતા અને સેવાઓ વેપારને મજબૂત બનાવે છે.

આ કરાર પર હસ્તાક્ષર અને અમલ લગભગ 7-8 મહિનામાં થવાની સંભાવના છે. આ કરાર ભારતીય નિકાસકારોને ઓશનિયા ક્ષેત્રમાં શિપમેન્ટમાં વૈવિધ્યીકરણ કરવામાં મદદ કરશે જેઓ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ભારતીય માલ પર લાદવામાં આવેલા 50 ટકા ટેરિફની અસર હેઠળ છે. ભારતે ઓસ્ટ્રેલિયા સાથે વેપાર કરાર પહેલાથી જ અમલમાં મૂક્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સને સોમવારે કરાર દઢ થયો હોવાની જાહેરાત કરી હતી. બંને વડા પ્રધાનોએ ફોન પર વાતચીત કરી, જેના પગલે FTA અંગેની જાહેરાત કરવામાં આવી હતી. જુલાઈમાં યુકે સાથે અને આ મહિનાની શરૂઆતમાં ઓમાન સાથે થયેલા બીજા એક કરાર પછી, આ વર્ષે ત્રીજો મુક્ત વેપાર કરાર ભારતને વધુ કામચલાઉ રોજગાર વિઝા, ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો માટે સરળ એક્સેસ આપશે. આ કરાર ન્યુઝીલેન્ડની ઊન, કોલસો, લાકડું, વાઈન, એવોકાડો અને બ્લુબેરી જેવી 95 ટકા નિકાસ વસ્તુઓ પર ટેરિફ દૂર કરશે અથવા ઘટાડશે. ન્યુઝીલેન્ડ, જે આગામી 15 વર્ષમાં ભારતમાં ઉત્પાદન, માળખાગત સુવિધાઓ, સેવાઓ, નવીનતા અને રોજગાર સર્જનમાં 20 અબજ ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે, તેને કિવિફ્રૂટ અને સફરજનની નિકાસ માટે ક્વોટા-આધારિત ટેરિફ કાપ પણ મળશે. આ સોદો 2026 ના પહેલા અર્ધ ભાગમાં હસ્તાક્ષર થવાની ધારણા છે અને તેનો હેતુ પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને 5 અબજ ડોલર સુધી બમણો કરવાનો છે.

### બંગાળની નવી...

નિરીક્ષકોની નિમણૂક કરી રહ્યું છે, અને ભગવા છાવણીના હિતોને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહ્યું છે. EC ફક્ત BJP ના નિર્દેશો અનુસાર જ કામ કરી રહ્યું છે. રાજ્યમાં ખાસ સઘન સુધારણા (SIR) કવાયતના ગણતરી તબક્કા દરમિયાન મતદારોના મેપિંગમાં ગંભીર ભૂલો છે. આ કવાયત શરૂઆતથી અંત સુધી એક ભૂલ છે એમ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

બેનર્જીએ આરોપ લગાવ્યો કે હજારો કાયદેસર મતદારોના નામ ડ્રાફ્ટ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, તેમણે કહ્યું, અમને ખબર નથી કે આટલા ઓછા સમયમાં આટલા બધા સાચા મતદારોની સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય. મને કહેવામાં આવ્યું છે કે ભાજપનો એક એજન્ટ ચૂંટણી પંચની ઓફિસમાં બેઠો છે, અને તે તેની ઈચ્છા મુજબ નામો કાઢી રહ્યો છે. મેં ભૂતકાળમાં ક્યારેય આટલું બેશરમ કમિશન જોયું નથી, અને હું ભવિષ્યમાં પણ આ વર્તમાન ચૂંટણી સંસ્થાનું પુનરાવર્તન જોવા માંગતી નથી એમ તેમણે કહ્યું હતું. ગણતરીના તબક્કા પછી પ્રકાશિત થયેલા ડ્રાફ્ટ મતદાર યાદીમાં, 58,20,899 નામો બાકાત રાખવામાં આવ્યા છે, જેનાથી પશ્ચિમ બંગાળમાં મતદારોની સંખ્યા ઘટીને 7.08 કરોડ થઈ ગઈ છે.

### બાંગ્લાદેશમાં વધુ એક...

ગયા વર્ષે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના અગ્રણી નેતા એવા હાદીને હાલ કેટલાક દિવસ પહેલા ઢાકાના બિજોયનગર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન માસ્ક પહેરેલા બંદૂકધારીઓ દ્વારા માથામાં ગોળી મારી દેવામાં આવી હતી. હાલત ખૂબ કટોકટ થઈ જતાં બાંગ્લાદેશની વચગાળાની સરકારે તેમને હવાઈ માર્ગે સિંગાપોરની એક હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ગુરુવારે સિંગાપોરમાં સારવાર દરમિયાન હાદીનું અવસાન થયું હતું. હાદી 12 ફેબ્રુઆરીના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટેના એક ઉમેદવાર હતા. મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે શનિવારે હાદીના મૃત્યુ માટે રાષ્ટ્રવ્યાપી શોકનું આયોજન કર્યું હતું અને કહ્યું હતું કે હુમલા અને ત્યારબાદ મૃત્યુને કારણે ઢાકા અને અન્ય મોટા શહેરોમાં હિંસા ફાટી નીકળી હોવાથી તેના હત્યારાઓને શોધવામાં કોઈ કસર છોડવામાં આવશે નહીં. શકમંદ ફૈઝલ મસુદના માતાપિતા, પત્ની અને મુખ્ય શકમંદના એક મહિલા મિત્રની પોલીસે ધરપકડ કરી છે, પરંતુ કહ્યું છે કે હાદીના હત્યારાઓ હાલ ક્યાં છે તેના હજી કોઈ સગડ નથી.

### ઉત્તર ભારતમાં હજી...

વિભાગ અનુસાર 25 ડિસેમ્બર, નાતાલના દિવસે, દિલ્હીમાં તાપમાન 'સામાન્યની નજીક' રહેવાની ધારણા છે, જેમાં મુખ્યત્વે સ્વચ્છ આકાશ અને સવારે હળવું ધુમ્મસ છવાયેલુ રહી શકે છે સોમવારે પંજાબ અને હરિયાણામાં ઠંડીની અસર ચાલુ રહી, જોકે કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન મોસમી સરેરાશ કરતા થોડા ડિગ્રી વધારે હતું. સ્થાનિક હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમૃતસરમાં લઘુત્તમ તાપમાન 9.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા છ ડિગ્રી વધારે હતું. લુધિયાણામાં લઘુત્તમ તાપમાન 7.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સરેરાશ કરતા એક ડિગ્રી વધારે હતું. હરિયાણામાં, અંબાલામાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી વધારે હતું.

હવામાન વિભાગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સોમવારે સવારે રાજસ્થાનના કેટલાક ભાગોમાં છૂટાછવાયાથી ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, પાલીમાં 8 ડિગ્રી નોંધાયું હતું જ્યારે સિરોહીમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 8.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. IMD ની આગાહી દર્શાવે છે કે રાત્રિ અને સવારના સમયે ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેવાની ધારણા છે, ખાસ કરીને પંજાબમાં 27 ડિસેમ્બર સુધી અને ઉત્તર પ્રદેશમાં 23 ડિસેમ્બર સુધી, તેમજ 25 થી 28 ડિસેમ્બર સુધી; હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં 24 થી 27 ડિસેમ્બર સુધી. વધુમાં, 22 થી 27 ડિસેમ્બર સુધી પશ્ચિમ હિમાલય ક્ષેત્રના અલગ અલગ વિસ્તારોમાં; 22 થી 29 ડિસેમ્બર સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં; અને 22 થી 27 ડિસેમ્બર સુધી બિહાર અને ઓડિશામાં ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. 23 ડિસેમ્બર સુધી રાજસ્થાન, ઉત્તર છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તર મધ્યપ્રદેશમાં પણ ગાઢ ધુમ્મસ છવાઈ રહેશે.

### ન્યૂઝીલેન્ડની ડેરી...

કરારોમાં જથ્થાબંધ ડેરી આયાત માટે દરવાજા ખોલવાનો હંમેશા પ્રતિકાર કર્યો છે. વાટાઘાટોમાં ડેરી લાંબા સમયથી સૌથી સંવેદનશીલ અને રાજકીય રીતે ગરમ મુદ્દો રહ્યો છે. ન્યુઝીલેન્ડ વિશ્વના સૌથી મોટા ડેરી નિકાસકારોમાંનો એક છે, જ્યારે ભારત લાખો નાના ડેરી ખેડૂતોનું વતન છે જેમના માટે બજાર સુરક્ષા લાલ રેખાનો મુદ્દો છે. વ્યવહારમાં, જો કે, વર્તમાન વેપાર ન્યૂનતમ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ન્યુઝીલેન્ડની ભારતમાં ડેરી નિકાસ કુલ ૧.૦૭ મિલિયન ડોલર હતી, જેમાં દૂધ અને ક્રીમ (૦.૪૦ મિલિયન ડોલર), કુદરતી મધ (૦.૩૨ મિલિયન ડોલર), મોઝેરેલા ચીઝ (૦.૧૮ મિલિયન ડોલર), માખણ (૦.૦૯ મિલિયન ડોલર) અને સ્કિમ્ડ મિલ્ક (૦.૦૮ મિલિયન ડોલર)નો સમાવેશ થાય છે.

### દિલ્હી ડાયરી...

પસંદગીના ઉમેદવાર માટે દબાણ કરી રહ્યા છે. આ ગતિરોધને કારણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આ મડાગાંઠ ઉકેલવા માટે આગળ વધવા માટે પ્રેરિત કરવામાં આવ્યું છે. સંઘના વડા મોહન ભાગવત અને અન્ય મુખ્ય નેતાઓએ આ મુદ્દા પર લખનૌમાં શ્રેણીબદ્ધ બેઠકો યોજી છે.

### નવીન પટનાયકને માન આપીને રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોના દિલ જીતી લીધા

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તાજેતરમાં ઓડિશાની મુલાકાત દરમિયાન લોકોના દિલ જીતી લીધા હતા, જે તેમનું વતન પણ છે. વિરોધ પક્ષના નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકની મુલાકાત લેવાના તેમના નિર્ણયથી તેમણે લોકોના દિલ જીતી લીધા. માત્ર મુલાકાત જ નહીં, પરંતુ તેમણે તેમની સામે માથું નમાવ્યું, તેમનો હાથ પકડ્યો અને ઉષ્માભર્યા હાવભાવમાં તેમના ખભા પર હાથ મૂક્યો. મુર્મુએ 2000-2004 દરમિયાન રાજ્યમાં પટનાયકના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારમાં મંત્રી હતા ત્યારે પટનાયક સાથે કામ કર્યું હતું. મુર્મુની રાષ્ટ્રપતિ તરીકેની ઉમેદવારીને પટનાયકે ટેકો આપ્યો હતો અને વિધાનસભાના સભ્યોને "ઓડિશાની પુત્રી" માટે મતદાન કરવા વિનંતી કરી હતી. તેમણે તેમને પોતાની બહેન પણ કહી હતી. જ્યારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી, વર્તમાન મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને તેમના મંત્રીમંડળના સાથીદારો સાથે રાજ્ય વિધાનસભા નજીક રાષ્ટ્રપતિનું સ્વાગત કરી રહ્યા હતા.